દેવમોગરાથી દર્શન કરી પરત ફરતા નવા તરિયાના દંપતીને અકસ્માત

મોરીયાણા ગામની સીમમાં કારચાલકે બાઇકને અડફેટે લીધી

ઘાયલ યુવાનના પગની પાંચેય આંગળી કાપવી પડી

અજાણ્યા કાર ચાલક સામે પોલીસ ફરિયાદ

નેત્રંગઃ દેવમોગરાથી દર્શન કરી બાઈક પર પરત ફરતા નવા તરિયાના દંપતીને કાર ચાલકે અડફેટે લીધું હતું. આ બનાવમાં પતિને પગમાં ગંભીર ફ્રેક્ચર થયું હતું. જેને કારણે પગની પાંચ આંગળી કાપવાની નોબત આવી હતી. આ મામલે અજાણ્યા કારચાલક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

અંકલેશ્વરના નવા તરીયા ગામના રહેવાસી કૃણાલ ઠાકોરભાઈ પટેલ અને તેમની પત્ની ઝીનલબેન ગત ૧૨મી તારીખે મોટરસાઈકલ પર દેવમોગરા દર્શન કરીને પરત ફરી રહ્યાં હતાં. સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં મોરીયાણા ગામ પાસે સામેથી આવતી એક અજાણી ફોર વ્હીલ ગાડીએ તેમની બાઈકને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જી કાર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી બંનેને નેત્રંગ સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યાંથી વધુ સારવાર અર્થે અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં રીફર કરાયાં હતાં.

આ અકસ્માતમાં ગંભીર ઈજાના કારણે કૃણાલભાઈને બ્રેઈન હેમરેજ થતાં મગજનું ઓપરેશન કરવું પડ્યું હતું અને હાલ તેઓ અર્ધબેભાન અવસ્થામાં છે. આ ઉપરાંત તેમના જમણા પગના પંજામાં ગંભીર ફ્રેક્ચર થવાના કારણે ડોક્ટરોને પગની પાંચેય આંગળીઓ કાપવાની ફરજ પડી છે. આ મામલે ઈજાગ્રસ્ત યુવકની પત્ની ઝીનલબેને ૧૫મી તારીખે નેત્રંગ પોલીસ મથકે અજાણ્યા કાર ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલીમાં સતત બીજા દિવસે બોમ્બની ધમકીથી ખળભળાટ

પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસ ખાલી કરાવાઈ

'સાયનાઇડ RDX બોમ્બ'ની ધમકીથી તંત્રમાં હડકંપ મચ્યો

બારડોલીઃ બારડોલીમાં સ્થાનિક પાસપોર્ટ ઓફિસ અને પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની સતત બીજા દિવસે ધમકી મળતાં સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

ગઈકાલની ઘટના બાદ આજે ફરી એકવાર અજાણ્યા શખ્સ દ્વારા મોકલવામાં આવેલા ઈ મેઈલને પગલે વહીવટી તંત્ર, પોલીસ કાફલો અને શ્વાન દળ (ડોગ સ્ક્વોડ) તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. સુરક્ષાના પગલા રૂપે બંને સરકારી કચેરીઓને તાબડતોબ ખાલી કરાવીને કામગીરી સ્થગિત કરી દેવામાં આવી છે. આ વખતે ધમકીભર્યા મેલમાં અત્યંત સંવેદનશીલ અને ગંભીર બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હિન્દી ભાષામાં મોકલવામાં આવેલા આ ઈ મેઈલમાં લખવામાં આવ્યું છે કે, નિવેધા પેથુરાજે પયગમ્બર મોહમ્મદનું અપમાન કર્યું છે. આ સાથે જ ઈ મેઈલ કરનારે ધમકી આપતા લખ્યું છે કે, બપોરે 1:15 વાગ્યે પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસમાં ૩ સાયનાઇડ પોઇઝન ગેસ RDX બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવશે. આ મેલમાં માત્ર મુસ્લિમોને જ બહાર નીકળી જવાની ચેતવણી પણ આપવામાં આવી હોવાનું સામે આવ્યું છે. સતત બીજા દિવસે મળેલી આ ગંભીર ધમકીને પગલે પોલીસ વિભાગ જરાય જોખમ લેવા માંગતું ન હતું. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ડોગ સ્ક્વોડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સમગ્ર પરિસરને સીલ કરી દેવામાં આવ્યું છે અને સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.

સતત બીજા દિવસે મળેલી ધમકીને કારણે સરકારી કર્મચારીઓ અને સ્થાનિક લોકોમાં ભારે ભય અને ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ હાલમાં આ ઈ મેઈલના આઈપી એડ્રેસ (IP Address) અને ટેક્નિકલ સોર્સના આધારે તપાસ કરી રહી છે કે આ કોઈ અસામાજિક તત્ત્વનું મોટું ષડયંત્ર છે કે પછી વાતાવરણ ડહોળવાનો કોઈ ફેક મેઈલ છે. તંત્ર દ્વારા નાગરિકોને ગભરાવાને બદલે સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

કોસંબામાં 5 દિવસથી પીવાનું ગંદું પાણી આવતાં લોકરોષ

જવાબદારો ધ્યાન નહીં આપે તો ગંભીર રોગચાળો ફાટી નીકળવાની દહેશત

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા વિસ્તારમાં છેલ્લા પાંચેક દિવસથી જીવનજરૂરી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર કોસંબામાં મહુવેજ જૂથ યોજના અંતર્ગત તાપી નદીનું જે પાણી પૂરું પાડવામાં આવે છે, તે હાલ અત્યંત ગંદુ, ડહોળું અને વાપરી ન શકાય તેવું આવી રહ્યું છે. એક તરફ સમગ્ર ગુજરાતમાં હાલ ચાંદીપુરા વાયરસનો રોગચાળો હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે બીજી તરફ કોસંબામાં આવું દૂષિત પાણી સપ્લાય થતાં સ્થાનિક રહીશોમાં રોગચાળાની ભીતિ સાથે ભારે ફફડાટ અને રોષ વ્યાપી ગયો છે.

પાંચ દિવસથી આ જટિલ સમસ્યા હોવા છતાં તંત્ર હજુ સુધી સફાળું જાગ્યું નથી. પરિણામે, ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને નાછૂટકે પૈસા ખર્ચીને બહારથી ફિલ્ટર પાણી ખરીદવું પડી રહ્યું છે. સ્થાનિક મહિલાઓએ આક્રોશ વ્યક્ત કરતા ચેતવણી આપી છે કે, જો આ દૂષિત પાણીની સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે, તો તેઓ સરકારી કચેરીએ ધસી જઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન સાથે 'માટલાં ફોડ' કાર્યક્રમ યોજશે.

આ મામલે કોસંબાના મહિલા સરપંચ યાસ્મીન ફેસલ દાઉદજીએ જણાવ્યું હતું કે, મહુવેજ જૂથ યોજના હેઠળ આવતું તાપીનું પાણી હાલ ડહોળું આવી રહ્યું છે. આ ગંભીર બાબતે ગ્રામ પંચાયત દ્વારા પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેરને તાકીદે લેખિતમાં રજૂઆત કરી યોગ્ય ઘટતું કરવા રજૂઆત કરવામાં આવી છે.

બારડોલીમાં નકલી મહિલા પોલીસે યુવકોને ધમકાવીને લાફા ઝીંક્યા

'તું કેમ બધાને રેકોર્ડિંગ મોકલાવે છે?' કહી ફોનનું રેકોર્ડિંગ ડીલીટ કર્યું

ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ હત્યાની ધમકી આપતાં ફરિયાદ

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં એક મહિલાએ પોતે પોલીસ કર્મચારી હોવાનો ઢોંગ કરી બે યુવકોને ધમકાવી, ગાળો આપી તેમજ લાફા માર્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ મામલે બારડોલી પોલીસે નકલી પોલીસ બનેલી મહિલા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બારડોલીના હરિનગર સોસાયટીમાં રહેતા અને મ્યુચુઇટ ફીનકોર્પમાં નોકરી કરતા ૩૨ વર્ષીય અંકિતભાઈ નીતિનભાઈ ભક્તાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. ગત ૧૫ જૂન-૨૦૨૬ના રોજ અંકિતભાઈના મિત્ર યશ મૈસુરીયા પર એક મહિલાનો ફોન આવ્યો હતો, જેણે પોતાને બારડોલી પોલીસ સ્ટેશનની મહિલા પોલીસ કર્મચારી ગણાવી બીજા દિવસે સવારે પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો. ૧૬ જૂન-૨૦૨૬ના રોજ સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ અંકિતભાઈ, તેમનો મિત્ર યશ અને અન્ય મિત્રો બારડોલી ટાઉન પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. ત્યાં હાજર એક મહિલા, જેને યશનાં માતા 'કવિતાબેન' તરીકે સંબોધતાં હતાં, તેણે ઇસરોલી બીટની બહાર જ યશને બે-ત્રણ ઝાપટ મારી દીધી હતી અને અંકિતભાઈને પણ ગાળો આપી ધમકાવ્યા હતા. ત્યારબાદ કવિતાબેને અંકિતભાઈનો મોબાઈલ ફોન ઝૂંટવી લીધો હતો અને 'તું કેમ બધાને રેકોર્ડિંગ મોકલાવે છે?' તેમ કહી તેમને પણ બે-ત્રણ ઝાપટ મારી દીધી હતી. મહિલાએ અંકિતભાઈના ફોનમાંથી વાતચીતનું તમામ રેકોર્ડિંગ ડીલીટ કરી નાંખ્યું હતું અને તેમને ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી યુવકો ભયભીત થઈ ગયા હતા.

બાદમાં યુવકોને વાત વાતમાં જાણવા મળ્યું હતું કે કવિતાબેન કોઈ પોલીસ કર્મચારી નથી, પરંતુ તેઓ પોલીસ હોવાનો ખોટો ઢોંગ કરી રહ્યાં હતાં. શરૂઆતમાં ડરી ગયેલા ફરિયાદીએ પોલીસ કર્મચારીઓની સમજાવટ બાદ આખરે ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ ઓફિશિયલ ફરિયાદ નોંધાવી હતી. બારડોલી ટાઉન પોલીસે આરોપી મહિલા કવિતાબેન ઉર્ફે પલક નરેન્દ્રકુમાર શાહ (રહે.,ધામરોડ, બારડોલી) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર ધીરેન્દ્રકુમાર કિશોરભાઇ ચૌધરી ચલાવી રહ્યા છે.

કામરેજમાં રૂ.૨.૭૦ કરોડ ચૂકવ્યા છતાં જમીન ખરીદનાર સાથે ઠગાઈ

કોળી ભરથાણાના ખેડૂતોએ વાવની જમીનનાં નાણાં લઈ દગો કર્યો

કામરેજઃ કોળી ભરથાણાના ખેડૂતોએ વાવની 6.29 વીઘાં જમીનના રૂ.2.70 કરોડ લઈ બેંકમાંથી લીધેલી લોનના બોજાની બોગસ રસીદ બનાવી રજિસ્ટ્રાર કચેરીમાં રજૂ કરી ખોટી રીતે બોજો કમી કરાવી જમીન લેનાર સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

સરથાણા જકાતનાકા નજીક સેલિબ્રેશન હોમ્સમાં રમેશ જાદવભાઈ ગાંગાણી રહી જમીન લે-વેચનો ધંધો કરે છે. વર્ષ-2024માં વાવ ગામની હદમાં બ્લોક નં.247 સરવે નં.183 વાળી 6.29 વીઘાં જમીન જીગ્નેશ દિનેશ પટેલ, દિનેશ છગન પટેલ, ઈલાબેન દિનેશ પટેલ, ભાનુબેન દિનેશ પટેલ, કૈલાસ દિનેશ પટેલ (તમામ રહે.,ઝંડા ફળિયું, કોળી ભરથાણા) પાસેથી બે કરોડમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બાદ પ્રથમ રૂ.10 લાખ ચેક દ્વારા આપવામાં આવ્યા હતા. આ જમીન બાબતે અખબારમાં નોટિસ પ્રસિદ્ધ કરતાં વ્રજલાલ મધુભાઈ રામોલીયાએ વાંધો લીધો અને જણાવ્યું હતું કે, વર્ષ-2018માં દિનેશ છગન પટેલ પાસેથી વેચાણથી રાખી હતી.

વેચાણનો સાટાખત પણ કરવામાં આવ્યો હતો. જે બાબતે જમીન માલિકને જણાવતાં વ્રજલાલ રામોલીયાએ જમીનના રૂપિયા ચૂકવ્યા નથી. ઘર પર ચાલતી લોનના રૂપિયા ન ભરપાઈ થતાં વ્રજલાલ રામોલીયાને કરી આપેલો સાટાખત કેન્સલ કરાવી નાંખીશું તેમ કહી ભરોસો આપ્યો હતો. બાદ કુલ રૂ.1,27,71,000 ટુકડે ટુકડે જમીન માલિકને ચેકથી આપ્યા હતા. ગત તા.19-4-25ના રોજ જમીન માલિક દ્વારા રજિસ્ટર વેચાણ સાટાખત કરી આપ્યો હતો. બાદ પણ રૂપિયાની વારંવાર માંગણી કરતાં રૂ.91,03,000 ટુકડે ટુકડે બેંકના ખાતામાં ટ્રાન્સફર કરી આપ્યા હતા.

મહુવા પીપલ્સ કો.ઓ.ક્રેડિટ સોસાયટી તેમજ સાયણ સુગર ફેક્ટરીના અલગ અલગ બોજા હોય જે ભરપાઈ કરી દસ્તાવેજ કરી આપવા જણાવતાં જમીન માલિકે રૂ.29 લાખ બોજા ભરપાઈ કરવા માટે લીધા હતા. આમ કુલ રૂ.2,70,94,000 ચૂકવી આપવા છતાં જમીન માલિકે મહુવા પીપલ્સ બેંકના બોજા દૂર કરાવ્યાની રસીદ પણ આપી હતી. પરંતુ જે રસીદ બેંકમાં ચેક કરાવતાં બોગસ હતી. કરાવવા માટે કોઈ લોન ભરપાઈ કરી ન હતી. બેંકમાંથી રૂપિયા ભરેલી બોગસ રસીદ બનાવી બોજા મુક્તિનો દાખલો બનાવી ખોટી રીતે જમીનમાં બોજો કમી કરાવ્યો હતો. જે અંગે કામરેજ પોલીસ મથકમાં જમીન માલિકો સામે રમેશ ગાંગાણીએ ફરિયાદ નોંધાવી હતી. આ અંગે કામરેજ પોલીસે જીગ્નેશ પટેલની ધરપકડ કરી હતી.

સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વરમાં પોક્સો જાગૃતિ સેમિનાર યોજાયો

અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અંકલેશ્વર નગરપાલિકા અને શિક્ષણ વિભાગના ઉપક્રમે બાળકોને જાતીય સતામણી વિરુદ્ધના કાયદાની સવિસ્તાર સમજણ આપવા પોક્સો અંગે જાગૃતિ શિબિર આયોજિત કરાઈ હતી. શારદા ભવન ટાઉન હોલ ખાતે સેમિનારમાં ઇ.એન.જીનવાલા, MTM હાઈસ્કૂલ, AVM વિદ્યામંદિર અને TM શાહ સ્કૂલનાં બાળકો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.

ખડકા ચીખલી ગામે નદીમાં પ્લાસ્ટિક સહિતનો કચરો ઠલવાતાં વિરોધ

વ્યારાઃ વ્યારામાં આવેલ સુપર માર્કેટમાંથી મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો કચરો, એક્સપાયર થયેલા તથા ઝેરી ખાદ્ય પદાર્થો અને અન્ય ઘન કચરો ખડકા ચીખલી ગામની નદીના પટમાં ગેરકાયદે રીતે ઠાલવાય છે. ત્યારબાદ આ કચરાને સળગાવવામાં આવે છે, જેના કારણે આસપાસના વાતાવરણમાં ઝેરી ધુમાડો ફેલાઈ રહ્યો છે. આ ઉપરાંત કચરો અને ઝેરી પદાર્થો નદીના વહેતા પાણીમાં પણ વહેવડાવવામાં આવે છે. જેના કારણે નદીનું પાણી પણ પ્રદૂષિત થઈ રહ્યું છે. ગેરકાયદે ચાલતી આ પ્રવૃત્તિના કારણે નદીનું પાણી, આસપાસની જમીન, વૃક્ષો, પશુ-પક્ષીઓ અને સમગ્ર કુદરતી પર્યાવરણને ગંભીર નુકસાન થઈ રહ્યું છે. તેમજ ગ્રામજનોના સ્વાસ્થ્ય પર પણ તેની માઠી અસર પડી રહી છે. ત્યારે ગેરકાયદેસર રીતે કચરો નાંખતા તત્ત્વો સામે યોગ્ય પગલાં લેવા માંગ ઊઠી છે.

કીમમાં ઊલટી થવાથી મજૂરનું મોત

કીમઃ કીમ ગામની હસ્તીપાર્ક સોસાયટીમાં રહેતા અને મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના વતની ૨૭ વર્ષીય પરપ્રાંતીય યુવક કાલીયા રવિ સ્વાઇનનું અચાનક ઊલટી થવાને કારણે મોત નીપજ્યું હતું. ગત ૧૫ જુલાઈના રોજ પોતાના રૂમ પર હાજર કાલીયાભાઈની તબિયત અચાનક લથડતાં તેમને તાત્કાલિક કીમની સાઇના હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના ભાઈ બલરામ સ્વાઇનની જાણના આધારે કીમ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગડખોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે શિબિર

અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના ગડખોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્યમાન આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. માતૃ સારવાર, બાળ રોગ, આંખના રોગ, નાક-કાન-ગાળાની તપાસ સહિત માનસિક આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ સાથે જ દર્દીઓને વિનામુલ્યે જરૂરી દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમંત્રિત મહેમાનો, ગ્રામજનો સહિત લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાઁ.

અંકલેશ્વરના પૌરાણિક રત્નેશ્વર મહાદેવ મંદિરે ભાતીગળ મેળો યોજાશે

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભરૂચી નાકા વિસ્તારમાં આવેલા પૌરાણિક રત્નેશ્વર મહાદેવ મંદિરે આ વર્ષે શ્રાવણ માસ દરમિયાન દર સોમવારે પરંપરાગત મેળાનું ફરી આયોજન કરવામાં આવશે. સેવા કર્મ ચેરિટેબલ ટ્રસ્ટ, રત્નેશ્વર મહાદેવ મંદિરના મહંત તથા સ્થાનિક રહીશોના સંયુક્ત પ્રયાસોથી વર્ષો જૂની પરંપરાને ફરી જીવંત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મંદિરના ટ્રસ્ટીઓએ આ અંગે સત્તાવાર જાહેરાત કરી છે.

અલુરા ગામે રૂ.1.70 લાખના કોપર વાયર્સની ચોરી

કામરેજઃ કામરેજના અલુરા ગામે ટેક્સટાઇલ વેપારી અલ્પેશ વઘાસીયા (રહે.,મોટા વરાછા અંજની રો હાઉસ, મૂળ, ભાવનગર) અને તેમના ભાગીદાર શૈલેષ મંજી ધોવરીયાની નિર્માણાધીન ડબલ માળની ફેક્ટરીમાં ચોરીનો બનાવ બન્યો છે. 'ઈશ્વરકૃપા ફેબ્રિક્સ' અને 'હરિઓમ ઈન્ટરનેશનલ' નામની આ ફેક્ટરીમાં વાયરિંગ અને ટાઇલ્સનું કામ ચાલતું હતું. કારીગરો સાંજે ફેક્ટરી લોક કરીને ગયા બાદ અજાણ્યા તસ્કરો તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા. તસ્કરો ફેક્ટરીમાંથી કીમતી કોપર કેબલ અને સીસીટીવી વાયર મળી કુલ ૧,૭૦,૦૦૦ની મતા ચોરી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી ફૂટેજમાં ૨૦થી ૨૫ વર્ષના શંકાસ્પદ યુવકો કેદ થયા છે.

પલસાણામાં યુવકનું બીમારીથી મોત

પલસાણાઃ પલસાણાની અલાઉદ્દીનની ચાલમાં રહેતા મૂળ યુપીના ૩૩ વર્ષીય પપ્પુ મહેન્દ્ર નિષાદનું બીમારીથી મોત થયું હતું. ૧૪ જુલાઈએ બનેલી આ ઘટના અંગે તેમના ભાઈએ પલસાણા પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બગુમરાની ૧૯ વર્ષીય યુવતી ગુમ

પલસાણાઃ બગુમરા ગામે લક્ષ્મી પેલેસમાં રહેતી ૧૯ વર્ષીય સેજલ મિશ્રા ગત ૧૪ જુલાઈથી પરિવારને કહ્યા વગર ગુમ થઈ છે. મૂળ ઉત્તરપ્રદેશની અને અહીં ખાનગી નોકરી કરતી યુવતીનો પત્તો ન મળતાં તેની માતાએ પલસાણા પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

પતિ સાથેના ઝઘડામાં વચ્ચે પડેલાં 94 વર્ષીય દાદી સાસુ પર વેલણથી હુમલો

વલવાડામાં પૌત્રવધૂ બેકાબૂઃ દાદી સાસુને વેલણ મારી હાથ ભાંગી નાંખ્યો!

અનાવલઃ અંબિકાના વલવાડા ગામે ગામતળ ફળિયામાં સામાન્ય બાબતે દંપતી વચ્ચે ચાલી રહેલી બોલાચાલીમાં વચ્ચે બચાવ કરવા અને સમજાવવા ગયેલાં ૯૪ વર્ષના વૃદ્ધ દાદી સાસુ પર પૌત્રવધૂએ ગુસ્સામાં આવી વેલણથી હુમલો કરી દીધો હતો. આ હુમલાથી વયોવૃદ્ધ દાદી નીચે પટકાયાં હતાં અને તેમના જમણા હાથના કાંડાના ભાગે ગંભીર ફ્રેક્ચર થતાં હોસ્પિટલ ખસેડાયાં હતાં.

મળતી વિગતો મુજબ વલવાડા ગામે ગામતળ ફળિયામાં રાહુલભાઈ ભરતભાઈ મિસ્ત્રી (ઉ.વ.૩૫) તેમના પરિવાર સાથે રહે છે. ગત તા.૧૩ જુલાઈ-૨૦૨૬ના રોજ સવારે આશરે ૯ વાગ્યાની આસપાસ રાહુલભાઈ અને તેમની પત્ની રિંકલબેન (ઉ.વ.૩૧) વચ્ચે નાની બાબતને લઈ બોલાચાલી થઈ હતી. ઘરનો માહોલ તંગ થતાં ઘરમાં હાજર રાહુલભાઈનાં ૯૪ વર્ષીય દાદી ગુલાબબેન માધુભાઈ પ્રજાપતિ બંનેને શાંત પાડવા માટે આવ્યાં હતાં. દાદી ગુલાબબેન જ્યારે વહુ રિંકલબેનને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં, ત્યારે રિંકલબેન એકાએક ઉશ્કેરાઈ ગયાં હતાં. તેમણે વેલણથી ૯૪ વર્ષના અશક્ત દાદી સાસુના જમણા હાથ પર જોરથી ફટકારી દીધું હતું. એટલું જ નહીં ધક્કો મારી તેમને જમીન પર પાડી દીધા હતા. જેના લીધે દાદીના જમણા હાથના કાંડાના ભાગે ગંભીર ઈજા અને ફ્રેક્ચર થયું હતું. આ અંગે અનાવલ પોલીસે મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

ચલથાણની સંજીવની હોસ્પિ.માં કથિત પત્રકાર સહિત ચારે તોડફોડ કરી

વિડીયો ઉતારવાની ના પાડતાં બબાલ, મહિલા કર્મીઓને હત્યાની ધમકી આપી, ગુનો નોંધાયો

પલસાણાઃ ચલથાણ ગામની સંજીવની હોસ્પિટલમાં વિડીયો ઉતારવાની ના પાડવા જેવી સામાન્ય બાબતે કથિત પત્રકાર દર્શન નથવાણી અને તેના સાથીદારોએ હોસ્પિટલના સ્ટાફ પર હુમલો કરી, મહિલા કર્મચારીઓની ગરિમા લાજવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ જોળવા ગામના ઝેરી દવા પીધેલા એક મહિલા દર્દી આરતીબેન લલિતભાઈ ઝાને સંજીવની હોસ્પિટલમાં લવાયાં હતાં. તબીબે દર્દીની સ્થિતિ ગંભીર હોવાથી આઈ.સી.યુ.માં રાખવા જણાવ્યું હતું. આ સાંભળી દર્દીના સગા દર્દીને બહાર લઈ ગયા બાદ અડધા કલાકે પરત લાવ્યા હતા. માનવતાના ધોરણે હેડ નર્સ પ્રવિણાબેન સોનેરી અને સ્ટાફે સારવાર શરૂ કરી હતી. આ દરમિયાન દર્દીના બે સગા હોસ્પિટલના નિયમોનો ભંગ કરી મોબાઈલમાં વિડીયો ઉતારતા હોવાથી સ્ટાફે તેમને ટોક્યા હતા. આ બાબતનો ખાર રાખીને તેઓ મુખ્ય ગેટ પાસે બોલાચાલી કરવા લાગ્યા હતા. આ દરમિયાન પોતાની જાતને પત્રકાર ઓળખાવતો દર્શન નથવાણી ત્રણ સાથીદાર સાથે ત્યાં ધસી આવ્યો હતો. આ ટોળકીએ રજિસ્ટ્રેશન કાઉન્ટર પાસે મહિલા અને પુરુષ સ્ટાફ સાથે અત્યંત અભદ્ર વર્તન કર્યું હતું. જ્યારે હોસ્પિટલના પી.આર.ઓ. ધર્મેશભાઈ દેસાઈ અને હેડ નર્સ વચ્ચે પડ્યાં, ત્યારે આરોપીઓએ ધર્મેશભાઈ પર હુમલો કરી માર માર્યો હતો. સ્ટાફ એકત્ર થતાં આરોપીઓ જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતા. આ અંગે હેડ નર્સ પ્રવીણાબેને કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે દર્શન નથવાણી અને અન્ય ત્રણ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સોનગઢના કિલ્લાની તળેટીમાંથી યુવાનની લાશ મળી

સોનગઢઃ સોનગઢના ઐતિહાસિક કિલ્લાની તળેટીમાં એક ઝાડ પરથી અજાણ્યા યુવાનનો લટકતો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. સવારે સ્થાનિક લોકોએ મૃતદેહ જોતાં જ તુરંત સોનગઢ પોલીસને જાણ કરી હતી, જેને પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.

પોલીસે મૃતદેહનો કબજો મેળવી, પંચનામું કરી તેને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ મોકલી આપ્યો છે. હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટના આત્મહત્યા છે કે હત્યા, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે. પોલીસ હાલ સીસીટીવી ફૂટેજ તેમજ મૃતકના વાલીવારસોની શોધખોળ કરી રહી છે.

અંકલેશ્વર રૂરલમાં વારંવાર વીજકાપથી લોકો પરેશાન

ભરૂચઃ અંકલેશ્વરના રૂરલ વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી વીજ પુરવઠો વારંવાર ખોરવાતો હોવાથી ગ્રામજનોનું જીવન અસ્તવ્યસ્ત બન્યું છે. દિવસમાં ઘણી વખત વીજળી જતી રહેતી હોવાથી 24 કલાક સતત વીજ પુરવઠો ગ્રામજનો માટે માત્ર સપનાસમાન બની ગયો છે. વીજ વિતરણ કંપની DGVCL દ્વારા સ્માર્ટ મીટર લગાવીને મીટર અપગ્રેડ કરવામાં આવ્યાં છે, પરંતુ વીજ કાપ અટકાવવા માટે કોઈ લાંબા ગાળાનું આયોજન દેખાતું નથી. ગ્રામજનોનો સવાલ છે કે, ફરિયાદો એપ દ્વારા થાય છે, પણ તેનો સમયસર નિકાલ કોના સ્તરે થાય? અને આ ફરિયાદોને કેટલી ગંભીરતાથી લેવામાં આવે છે? કલેક્ટર કચેરીમાં વીજ સમસ્યા અંગે સમીક્ષા બેઠકો યોજાતી હોવાની ચર્ચા છે, પરંતુ તેના નક્કર પરિણામો જોવા મળતાં નથી. આ સ્થિતિને કારણે ખેડૂતોને સિંચાઈમાં તકલીફ થાય છે. વિદ્યાર્થીઓનો ઓનલાઈન અભ્યાસ ખોરવાઈ જાય છે. નાના વેપારીઓના રોજગાર પર અસર અને અને સમગ્ર ગ્રામ્ય અર્થતંત્રને મોટું નુકસાન થઈ રહ્યું છે.

શ્રી સિદ્ધ સોમેશ્વર કુદિયાણા વિભાગ મંડળીના પ્રમુખ વરાયા

સાયણઃ ઓલપાડના કુદિયાણા ગામની 'શ્રી સિદ્ધ સોમેશ્વર કુદિયાણા વિભાગ દૂધ અને શાકભાજી વેચાણ કરનારી સહકારી મંડળી'ની વર્ષ ૨૦૨૬-૨૭ની પ્રમુખ પદની ચૂંટણી યોજાઈ હતી, જેમાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલના અંગત મદદનીશ અને લવાછા ગામના ડિરેક્ટર અશોકભાઈ પ્રવીણભાઈ પટેલનો ૭ મતે ભવ્ય વિજય થયો હતો. ગુરુવારે હસમુખભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી ૨૧ ડિરેક્ટરની બેઠકમાં પ્રમુખ પદ માટે બે દરખાસ્ત આવતાં મતદાન યોજાયું હતું. આ ચૂંટણીમાં હરીફ ઉમેદવાર ધર્મેન્દ્રભાઈ આહિરને ૭ મત મળ્યા હતા. જ્યારે અશોકભાઈ પટેલને ૧૪ મત મળતાં તેઓ વિજેતા જાહેર થયા હતા.

પેરવડમાં ગેરકાયદે રીતે લાકડાં ભરીને જતો ટેમ્પો પકડાયો

વ્યારાઃ વ્યારાના પેરવડમાં વન વિભાગની ટીમે ગેરકાયદે રીતે લાકડાં લઈ જતો ટેમ્પો પકડ્યો હતો. વ્યારા વન વિભાગની ટીમે તપાસ દરમિયાન ટેમ્પો નં.(GJ 17T 6005) સહિત રૂ.1 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓને પકડવા વધુ તપાસ શરૂ કરી છે. વન વિભાગ દ્વારા આકસ્મિક કાર્યવાહીને પગલે વ્યારાના આસપાસના વિસ્તારોમાં ગેરકાયદે રીતે લાકડાંની તસ્કરી કરતાં તસ્કરો ભૂગર્ભમાં ઊતરી ગયા હતા.